# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

એસ્ટેટ મેનેજમેન્ટ બ્રાન્ચ
કિંમત રૂા.૧,૦૦૦/-

# ટેન્ડર ફોર્મ

**મ્યુનિસિપલ કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ/ પાર્ટી પ્લોટ/સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ માં રસોઈના વાસણો, મંડપ ડેકોરેશન લાઈટ ડેકોરેશન તથા અન્ય સુવિધા પુરી પાડવા સહિત, બુકીંગ સિવાય ખાનગી ધોરણે ચલાવવા આપવા માટેનું ઓફર ફોર્મ**

હું ________________________________ ઉ.વર્ષ.____________
રહેવાસી.....
________________________________________________________
________________________________ફોન નં. ______________

જણાવું કે ________________________ મ્યુનિસિપલ કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસ, પાર્ટી પ્લોટ, સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ પ્રસંગોપાત તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડવા પત્રક મુજબના ઠરાવેલ દરે ડેકોરેશનના સાધનો પુરા પાડવા, બુકીંગ સિવાય ખાનગી ધોરણે ચલાવવા પાંચ વર્ષ માટે રાખવા ખુશી છું.

આ માટે મારી વાર્ષિક ઓફર રૂા. ____________ અંકે રૂપિયા ________________________________ મ્યુનિ.કોર્પોરેશનને આપુ છું અને જાહેર જનતા માટે મિલકતનો સારો ઉપયોગ થાય તે મુજબ મંજૂરી મેળવી જરૂરી મેઈન્ટેન્સ કરીશ અને આ અંગે શરતો આ સાથે જણાવેલ છે. તે મેં વાંચેલ છે અને તે મને બંધનકર્તા છે.

આ અંગે અર્નેસ્ટમનીની રકમ રૂા. ____________ અંકે રૂપિયા ________________________________ પુરાનો ડ્રાફક તથા ટેન્ડર ફોર્મ ફી રૂા.૧,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ આ ટેન્ડર સાથે જોડેલ છે. મારી ઓફર મંજૂર થયેથી જાણ કર્યા બાદ તેમાં જણાવેલ સમયમાં જરૂરી રકમ જમા ન કરુ તો અર્નેસ્ટમનીની રકમ રૂા. __________અંકેરૂપિયા____________________પુરા મ્યુનિસિપલ કોર્પોરેશન જપ્ત કરશે તો તે મને કબુલ મંજૂર છે.

**ટેન્ડરરની સહી તથા સિક્કા**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

એસ્ટેટ ખાતુ, પબ્લીક હોલ વિભાગ

**મ્યુનિસિપલ કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ/ પાર્ટી પ્લોટ/ સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ર્ડા.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ માં રસોઈના વાસણો, મંડપ ડેકોરેશન લાઈટ ડેકોરેશન તથા અન્ય સુવિધા પુરી પાડવા સહિત, બુર્કીંગ સિવાય ખાનગી ધોરણે ચલાવવા માટેની ટેન્ડર શરતો**

(૧) ટેન્ડર ફોર્મ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની વેબ સાઈટ www.egovamc.com ઉપરથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે. પરંતુ ટેન્ડર ફી ટેન્ડર સબમીટ કરતી વખતે ટેન્ડર ફીની રકમ રૂા. ૧,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે. તે નોન રીફંડેબલ છે.

(૨) ટેન્ડરરે જે તે કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી પ્લોટ / સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ર્ડા.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ ભરવાનું હોય તેની જણાવેલ અર્નેસ્ટમનીની રકમનો બેંક ડ્રાફટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નામનો ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાનો છે. જે જગ્યા માટે જણાવેલ જરૂરી અર્નેસ્ટમનીની રકમનો ડીમાન્ડ ડ્રાફટ તથા ટેન્ડર ફી રૂા.૧,૦૦૦/- નો બીજો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો છે.

(૩) ટેન્ડર ફોર્મમાં પૂરેપૂરી વિગતો વાંચી શકાય તેવી સ્પષ્ટ રીતે જણાવવી. અધૂરી વિગતો હશે તો ટેન્ડર રદ ગણાશે.

(૪) ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં જાહેરાતમાં જણાવેલ તારીખે તથા સ્થળે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સેન્ટ્રલ રેકર્ડ ટેન્ડર ઓફીસના બોક્ષમાં નાંખવાનું રહેશે. ત્યાર પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહી. કોઈ ટેન્ડર સ્વીકારવું કે ના સ્વીકારવું તે મ્યુનિ. કમિશ્નરશ્રીની અબાધિત સત્તા રહેશે. ટેન્ડરરે ટેન્ડરમાં બીજી શરતો મુકવાની નથી.

(૫) ટેન્ડરના કવર ઉપર “ જે જગ્યાનું ટેન્ડર ભરેલ હોય તે કોમ્યુનીટી હોલ/ પીકનીક હાઉસ /પાર્ટી પ્લોટનું નામ લખીને ખાનગી ધોરણે ચલાવવા માટેનું ટેન્ડર એમ સ્પષ્ટ લખવું.

(૬) ટેન્ડરરે નીચેની વિગતો ટેન્ડર સાથે ફરજિયાત રજૂ કરવાની રહેશે.

- અ) શોપ્સ એસ્ટા.ની વિગતો ટેન્ડર સાથે રજૂ કરવાની રહેશે.
- બ) સેલટેક્ષ નંબર
- ક) છેલ્લુ ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટીફીકેટ
- ડ) ભાગીદારી પેઢી હોય તો તેના નામ સરનામા અને પેઢીનામુ ( કરાર), કંપની હોય તો તેના મે.ઓફ. એ. આ સાથે આપવાનો રહેશે.

ઉપરોક્ત વિગતો જણાવેલ નહીં હોય તો ટેન્ડર રદ ગણાશે.

(૭) ટેન્ડર ફોર્મમાં ટેન્ડરર તરીકે કંપની અગર સંસ્થા હોય તો ટેન્ડર ફોર્મમાં માલિકો/પાર્ટનરે જ પૂરી સહી કરવાની છે અને જો મેનેજર/પ્રતિનિધિ ટેન્ડરમાં સહી કરે તો તેઓએ ટેન્ડર સાથે માલિકીના અસલ ઓથોરીટી પત્રની ખરી નકલ રજૂ કરવાની રહેશે.

(૮) ટેન્ડર મંજૂર થયેથી લેખિત જાણ કર્યાની તારીખ થી દસ દિવસમાં ટેન્ડરરે નીચે જણાવેલ રકમો મ્યુનિ.કોર્પોરેશનમાં ડિમાન્ડ ડ્રાફ્ટથી અથવા રોકડેથી જમા કરાવવાની રહેશે.

અ) ઓફર કરેલ વાર્ષિક રકમની પ્રથમ વાર્ષિક હપ્તાની રકમ

બ) ઓફર કરેલ વાર્ષિક રકમની છ માસની રકમ સીક્યોરીટી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. આ રકમમાં ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમનીની રકમ સાથે મજરે આપવામાં આવશે.

ઉપર જણાવ્યા પ્રમાણેની રકમો ઉપર જણાવેલ સમયમાં ભરપાઈ નહીં થાય તો ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરી ટેન્ડર રદ કરવામાં આવશે.

(૯) કોન્ટ્રાક્ટરે ઓફરમાં જણાવેલ વાર્ષિક રકમ પ્રમાણે દર વાર્ષિક હપ્તાની રકમ હપ્તો શરૂ થાય તેના સાત દિવસ પહેલા રોકડેથી અથાવ ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરી દેવાના રહેશે અને સંજોગોવસાત હપ્તાની રકમ હપ્તો શરૂ થયા તારીખથી મોડો ભર્યો હશે તો હપ્તો શરૂ થયા તારીખથી હપ્તો ભર્યા તારીખ સુધીનું ૧૮% મુજબ વ્યાજ હપ્તાની સાથે જ ભરવાનું રહેશે. જરૂરી રકમ નિયત સમયમાં નહી ભરે તો મ્યુનિ.કોર્પોરેશન વગર નોટીસે માલ-સામાન સાથે કબજો મેળવી લેશે.

(૧૦) સીક્યોરીટી ડીપોઝીટ તરીકે ભરેલી રકમ આ અંગેના કરારપાત્રની જામીનગીરી તરીકે અનામત તરીકે રાખવામાં આવશે. તો કોન્ટ્રાક્ટરની મુદ્દત પૂરી થયે કોન્ટ્રાક્ટરની સીક્યોરીટી ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે.

(૧૧) કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ/ પાર્ટી પ્લોટ/ સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ હાલ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં કબજો આપવામાં આવશે. અને તેની માલિકી મ્યુનિ.કોર્પોરેશનની રહેશે અને કોન્ટ્રાક્ટ સમય દરમ્યાન જાહેર જનતાને પ્રસંગોપાત સારી સવલત મળી રહે તે મુજબ મિલકતનું જરૂરી મેઈન્ટેન્સ કરવાનું રહેશે. તે મ્યુનિ.કોર્પો.ના ઈજનેરખાતાની મંજૂરી મેળવી ખાતાની સલાહ સુચન અને દેખરેખ હેઠળ કરવાનું રહેશે. તે સિવાય કોન્ટ્રાક્ટરે મિલકતમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કે બાંધકામ મ્યુનિ.કોર્પોરેશનની પરવાનગી મેળવ્યા સિવાય કરી શકશે નહીં.

(૧૨) કોન્ટ્રાક્ટરે હાલ જે મિલકતનું નામ છે તે નામથી ચલાવવાનું રહેશે. આ અંગે જે તે આનુસાંગિક સાહિત્ય છાપવાનું થાય અગર જાહેરાત કરવાની થાય તેમાં હાલના નામથી જ ઉલ્લેખ કરવાનો રહેશે અને નામમાં ફેરફાર કરી શકશે નહીં.

(૧૩) કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી પ્લોટ / સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ જાહેર જનતાને જે હેતુ માટે આપવામાં આવે છે તે હેતું માટે જ વપરાશ કરવાનો રહેશે.

(૧૪) જાહેર જનતાને પ્રસંગોપાત સ્થળ ઉપર સારી સવલત મળી રહે તે માટે જે વ્યવસ્થા પૂરી પાડવાની થાય તે તમામ પ્રકારની સુવિધાઓ પુરી પાડવાની રહેશે.

(૧૫) કોન્ટ્રાક્ટરે સીક્યુરીટી કેબીન, ઓફીસ, સ્ટોર રૂમ વગેરે મિલ્કતની પ્રિમાઈસીસમાં જરૂરી સવલતો મ્યુનિ. કોર્પોરેશન સૂચવે તો તે પ્રમાણે સ્વખર્ચે ઉભી કરવાની રહેશે.

(૧૬) જાહેર જનતાને પ્રસંગોપાત જે તે મિલ્કત માટે નક્કી કરેલ ભાડુ તેમજ ડીપોઝીટ વસુલ લઈ વાપવા દેવાની પરવાનગી મ્યુનિ. કોર્પો. આપશે, અને મ્યુનિ. કોર્પોરેશનની પરવાનગી સિવાય કોઈપણ પાર્ટીને વપરાશ માટે આપી શકશે નહીં.

(૧૭) કોન્ટ્રાક્ટરે ડેકોરેશનનો માલ-સામાન બુકીંગ કરાવનાર પાર્ટીને ટેન્ડર સાથે સામેલ ભાવ પત્રક મુજબ નક્કી કરેલ દરે આપવાનો રહેશે. ભાવ પત્રકની વિગતો દર્શાવતું બોર્ડ જે તે મ્યુનિ. મિલ્કત ઉપર સર્વેને વાંચી શકાય તે રીતે કોન્ટ્રાક્ટરે મુકવાનું રહેશે તથા છાપેલ ભાવ પત્રકની એક નકલ પૂછપરછ કરાવનાર પાર્ટીને આપવાની રહેશે. ઠરાવેલ ભાવ પત્રક કરતાં વધુ ભાવ લઈ શકશે નહીં. આ શરતભંગ થયે હોલનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે અને સીક્યોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે નહીં અને તે જપ્ત થશે તથા હોલોનો કબજો મ્યુનિ. કોર્પો. પરત મેળવી લેશે.

(૧૮) કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી પ્લોટ / સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ર્ડા.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ નો નિભાવ અને મરામત પોતાના ખર્ચે કરવાનો રહેશે. મ્યુનિ. કોર્પોરેશન આ અંગે કોઈપણ ખર્ચ કરશે નહીં.

(૧૯) કોન્ટ્રાકટરે વિજળીના બિલો, ટેલિફોન બિલ, સર્વિસ ટેક્ષ, સરકારી કર તેમજ અન્ય ટેક્ષ જે તે ખાતે નિયમિત નિયત સમયમાં ભરવાના રહેશે અને તેની જાણ મ્યુનિ. કોર્પોરેશનને કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. રકમ ભરવામાં કોઈપણ કસૂર થશે તો તે અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૦) અમ. મ્યુનિ. કોર્પો. નું લાઈટ ખાતુ જે તે સમયે વીજળી વપરાશ માટેના યુનીટના વસુલાતના દર નક્કી કરે તે દરે બુકીંગ કરનારના લાઈટ વપરાશનાં યુનિટ માટેનો ચાર્જ કોન્ટ્રાક્ટર બુકીંગ કરનાર પાસે વસુલ લઈ પહોંચ આપવાની રહેશે અને તેની અલગ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૨૧) કોન્ટ્રાક્ટરે ઈલેક્ટ્રીકની કામગીરી ઈલેક્ટ્રીક સુપરવાઈઝર વ્યક્તિની દેખરેખ નીચે કરાવવાની રહેશે. તેવી વ્યક્તિનો લાયસન્સ નંબર, નામ તેઓની ટેન્ડરની ઓફરમાં ઉલ્લેખવાનો રહેશે તથા તે લાયસન્સની નકલ સામેલ કરવાની રહેશે અને ટેન્ડર મંજૂર થયા પછી લાયસન્સ હોલ્ડરનું નામ, લાયસન્સ નંબર લાઈટ ખાતે આપવાનો રહેશે.

(૨૨) મ્યુનિ. કોર્પોરેશનના લાઈટ ખાતાના અધિકારી કે.એ.ઈ.કું અધિકારીશ્રી ચેકીંગ દરમ્યાન ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝરનું સર્ટીફીકેટ તેમજ સેકન્ડ કલાસનું વાયરમેનનું સર્ટીફીકેટ જોવા માંગે ત્યારે બતાવવાનું રહેશે ઈલેક્ટ્રીકને લગતું વાયરીંગ કે અન્ય ઈલેક્ટ્રીક કામ સુચવે તે પ્રમાણે તમારા જોખમે કરવાનું રહેશે અને જરૂરી સહકાર આપવાનો રહેશે.

(૨૩) હોલના બિલ્ડીંગ બહાર કે કંમ્પાઉન્ડમાં ટેમ્પરરી લાઈટીંગ જરૂરીયાત મુજબ પ્રસંગો દરમ્યાન કરવામાં આવે તો તે સર્વિસના મંજૂર થયેલ પાવર લોડની મર્યાદામાં જ તેમજ તેની ગુજરાત સરકારના ઈલેક્ટ્રીક ઈન્સ્પેકટરશ્રીના નિયમ મુજબ જરૂરી મંજૂરી મેળવી કરવાનું રહેશે.

(૨૪) કોન્ટ્રાક્ટરે તેમનો માલ-સામાન રાખવા માટેની આપવામાં આવેલ સ્ટોર રૂમ તથા તેની બાજુની ૧૦૦૦ ચો.ફૂટ સુધીની ઉપલબ્ધ ખુલ્લી જમીન વાપરવાની રહેશે. આ સિવાય કંમ્પાઉન્ડની અન્ય ખુલ્લી જગ્યા પરસાળ કે હોલમાં માલ-સામાન મૂકવાનો નથી અને જે હોલમાં જગ્યાની ઉપલબ્ધી હશે તો તે હોલમાં સદર જગ્યા ફાળવવામાં આવશે અને માલ-સામાન સાચવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. તે અંગેની કોઈપણ જવાબદારી મ્યુનિ. કોર્પોરેશનની રહેશે નહીં.

(૨૫) બુકીંગ કરાવનાર વ્યક્તિને જોઈતો માલ-સામાન પૂરો પાડવાનો છે. પરંતુ સંજોગો વસાત કોન્ટ્રાક્ટર પૂરેપૂરો માલ-સામાન પૂરો પાડી શકે તેમ ના હોય તો બુકીંગ કરાવનાર વ્યક્તિ અન્ય માધ્યમ થી માલ-સામાન લાવી શકશે.

(૨૬) મ્યુનિ. કોર્પોરેશનના ખાતાના અધિકારીશ્રીઓ ચેકીંગમાં આવે તો તેઓને સાથ-સહકાર આપી તેઓની સલાહ - સુચના આપે તે પ્રમાણે વર્તવાનું રહેશે.

(૨૭) કોન્ટ્રાક્ટર તેઓનાં વહીવટી સંચાલન માટે જે કોઈ માસણો રાખે તે મ્યુનિ. કોર્પોરેશનનો સ્ટાફ ગણાશે નહીં અને રાખવામાં આવેલ માણસો તરફથી કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી પ્લોટ / સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ વાપરવા આપનારને કોઈપણ અડચણ કે ખલેલ ન પડે અને મિલ્કતને નુકશાન ન પહોંચે તે માટેની વ્યવસ્થા રાખવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૮) કોન્ટ્રાક્ટરે કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી પ્લોટ / સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર/ ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ ચલાવવા તથા વ્યવસ્થા અંગે કોઈપણ સરકારી કે અર્ધસરકારી જરૂરી લાયસન્સ કે પરવાના મેળવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૯) કોન્ટ્રાક્ટરે મિલ્કતને આગ, અકસ્માત તથા કુદરતી આફતોથી જે કાંઈ નુકશાન થાય તે અંગે નુકશાન વળતર માટે ચૂકવવા જરૂરી વીમો ઉતરાવવાની તથા તે અંગે કોઈ કાયદાકીય, કોર્ટ, કચેરી કે પોલીસ ખાતાની કે અન્ય જે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થાય તે અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

(૩૦) મ્યુનિ. કોર્પોરેશનને સદર મિલ્કતની જરૂરિયાત મુજબ વાપરવાનો હક્ક રહેશે. જેનો ડેકોરેશનનો કોઈ ખર્ચ ચૂકવવામાં આવશે નહીં.

(૩૧) કેન્દ્ર / રાજ્ય સરકારના રાષ્ટ્રીય કાર્યક્રમ માટે જરૂરિયાત મુજબ પ્રાયોરીટીના ધોરણે ફાળવવામાં આવશે અને આકસ્મિક સંજોગોમાં પણ રાષ્ટ્રીય કાર્યક્રમો માટે ફાળવવામાં આવશે જે અંગે કોઈ વાંધો લઈ શકશે નહીં.

(૩૨) કોન્ટ્રાક્ટ સમય દરમ્યાન કુદરતી આફત / અશાંત પરિસ્થિતી વિગેરે કારણોસર હોલનું બુકીંગ રદ થાય તો તેટલા સમય માટે મુદત વધારી આપવા બાબતે કે વળતર આપવા બાબતે જે તે સમયે સ્ટે. કમિટીમાં જે ઠરાવ થાય તે બંધનકર્તા રહેશે.

(૩૩) શાંતિ અને સલામતીના કારણોસર પોલીસ ખાતાની માંગણી આવે તો પોલીસ રહેઠાણ માટે ફાળવવાના થાય તો કોન્ટ્રાકટના સમય દરમ્યાન જેટલા સમય માટે પોલીસ રહેઠાણ માટે ફાળવેલ હશે. તે પોલીસ રહેઠાણના કારણે મુદ્દત વધારવા અંગે કોન્ટ્રાકટની મુદત પૂરી થયેથી મ્યુનિ. કોર્પોરેશન જે નિર્ણય કરે તે નિર્ણય બંધનકર્તા રહેશે.

(૩૪) કોન્ટ્રક્ટની મુદ્દત પાંચ વર્ષની રહેશે અને જે તારીખે કબજો સોંપવામાં આવશે તે તારીખથી પાંચ વર્ષ ગણવામાં આવશે.

(૩૫) કોન્ટ્રાક્ટના જરૂરિયાત પ્રમાણેના કરાર પેપર કોન્ટ્રાક્ટરે તેમના સ્વખર્ચે મ્યુનિ. કોર્પોરેશનને ફરજિયાત કરી આપવાના રહેશે.

(૩૬) કોન્ટ્રાકટરે અધવચ્ચેથી કોન્ટ્રાક્ટ છોડવાનો થશે તો તેના છેલ્લા હપ્તાની મુદ્દત પૂરી થવાના ઓછામાં ઓછા ત્રણ માસ પહેલા લેખિત જાણ કરવાની રહેશે અને હપ્તાની મુદ્દત પૂરી થયેથી કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે. આવી રીતે કોન્ટ્રાક્ટ છોડવાથી મ્યુનિ. કોર્પોરેશનને થતી નુકશાની સીક્યોરીટી રકમ કરતાં વધારે હશે તો તે વસુલ કરવામાં આવશે.

(૩૭) કોન્ટ્રાક્ટરે ટેન્ડરની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કોઈપણ શરતોનો ભંગ થયો હશે ત્યારે તથા કોન્ટ્રાક્ટર અધવચ્ચે છોડવાના પ્રસંગોએ સીક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત થશે.

(૩૮) મ્યુનિ. કોર્પોરેશન જરૂર જણાય વખતો - વખત નીતિ - નિયમોમાં તથા શરતોમાં ફેરફાર કરે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૩૯) ઉપરોક્ત શરતોના અર્થઘટન બાબતે મ્યુનિ. કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. આ કરાર બાબતમાં કોઈ વાદ-વિવાદ ઉપસ્થિતિ થાય તો મ્યુનિ. કમિશ્નરશ્રીનો આદેશ અને સૂચના કોન્ટ્રાક્ટરને સંપૂર્ણ બંધનકર્તા રહેશે.

(૪૦) જે તે જગ્યા નો કોન્ટ્રાકટ મંજુર થયે થી કોન્ટ્રાકટ સોંપતા લોન તથા ગાર્ડન વિકસાવવાનું તેમજ તે અંગે મરામત કરવાનું કામ તે જગ્યાનાં કોન્ટ્રાકટર નું રહેશે.

(૪૧) ટાંકીઓ દર અઠવાડીયે સાફ-સફાઇ કરવાનું તેમજ જરૂર પડે તો રીપેર મેન્ટેનન્સ કરવાની જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે. અને જે અંગે હોલ વિભાગ નાં જવાબદાર સ્ટાફ તથા હેલ્થ ખાતા નાં સ્ટાફ નું અવાર-નવાર ચેકીંગ રહેશે.

(૪૨) જે તે જગ્યા નું સફાઇ કાર્ય પણ જે કોન્ટ્રાકટર ને કોન્ટ્રાકટ સોંપેલ હશે. તેની જવાબદારી રહેશે. તે અંગે તેઓએ તેમનાં ખર્ચે અલગ સ્ટાફ ની વ્યવસ્થા કરવાની રહેશે. જે સ્ટાફ ને અમ.મ્યુનિ.કોર્પોરેશન સાથે નો કોઇ હક્ક રહેશે નહી.

(૪૩) જે તે જગ્યા નો કોન્ટ્રાકટ મેળવનાર ની વાઇટવોશ કે કલરકામ કરાવવાની જવાબદારી રહેશે. જરૂર જણાય તો ૬ માસ કે એક વર્ષ માં વાઇટવોશ કે કલરકામ કરવાનું રહેશે. જે અંગેનાં કામનો રીપોર્ટ ઈજનેર ખાતા દ્વારા મેળવવાનો રહેશે.

(૪૪) જે તે જગ્યાનાં કોન્ટ્રાકટરે તેમનાં કોન્ટ્રાકટ નાં સમયે હોલ ની તથા જગ્યાની સાચવણી કરેલ છે. તે અંગે હેલ્થ તેમજ ઈજનેર ખાતા દ્વારા ચેકીગ કરી સર્ટી. મેળવ્યા બાદ જ જે તે જગ્યા નું પઝેશન પરત લેવાનું રહેશે. આ અગાઉ પણ ચાલુ કોન્ટ્રાકટ સમયે ચેકીગ વખતે ટેન્ડર ની શરતો નો ભંગ થયેલ માલુમ પડશે તો કોન્ટ્રાકટ રદ કરી કબજો પરત મેળવવામાં આવશે.

(૪૫) જે તે જગ્યા નાં કોન્ટ્રાકટ વખતે માન.મ્યુનિ.કમિશનર શ્રી જે સુચવે તે કાર્ય પણ તે જગ્યાનાં કોન્ટ્રાકટરે કરવાનું રહેશે. અને આ સિવાય કોન્ટ્રાકટ દરમ્યાન જે જગ્યા એ અન્ય બનાવ બને તેની જવાબદારી જે તે જગ્યાનાં કોન્ટ્રાકટર ની રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની કોઇ જવાબદારી રહેશે નહી.

(૪૬) જે હોલ રીનોવેશનમાં હશે તે હોલનું પઝેશન કામ પુર્ણ થયેથી સોંપવામા આવશે અને કોન્ટ્રાકટની મુદત હોલનુ પઝેશન સોંપેથી ગણવામાં આવશે.

(૪૭) જે તે જગ્યાના અગાઉના કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ પુર્ણ થયેથી જો કોન્ટ્રાકટની મુદત વધારવામા આવશે તો તેટલા સમય પછી નવા કોન્ટ્રાકટરને પઝેશન આપેથી કોન્ટ્રાકટની મુદત ગણવામાં આવશે.

**ટેન્ડરરની સહી તથા સિક્કો**

હું નીચે સહી કરનાર : ____________________

સરનામું : ____________________

____________________

સંસ્થા હોય તો સંસ્થા : ____________________

સાથેનો સંબંધ : ____________________

ટેન્ડરની ઉપર જણાવેલી તમામ શરતો પૂરેપૂરી વાંચી, સમજી અને તે પ્રમાણે વર્તવાની ખાત્રી આપીને ટેન્ડર ભરવામાં આવેલ છે. શરતો પ્રમાણે વર્તવાની હું આથી લેખિત બાંહેધરી આપું છું.

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તરફથી કહેવામાં આવે ત્યારે તરત જ જરૂરિયાત પ્રમાણેના એગ્રીમેન્ટ કરી આપવા હું ખુશ છું. આ અંગે ફી સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન, લખામણી વગેરેનું તમામ ખર્ચ આપવા બંધાઉ છું.

**ટેન્ડરરની સહી તથા સિક્કો**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## એસ્ટેટ ખાતુ, પબ્લીક હોલ વિભાગ

## રસોઈ, ડેકોરેટર્સની વસ્તુંઓના ભાવપત્રક

| વિગત | નંગ | દર | વિગત | નંગ | દર |
|---|---|---|---|---|---|
| થાળી સ્ટીલ | ૧૦૦ | ૧૨૦.૦૦ | ટબ | ૧ | ૨૦.૦૦ |
| વાટકા સ્ટીલ | ૧૦૦ | | ટેબલ | ૧૦ | ૫૦.૦૦ |
| પવાલા સ્ટીલ | ૧૦૦ | | ૬ ગ્લાસનું પાણી સ્ટેન્ડ | ૧ | ૫.૦૦ |
| પાટલા | ૧૦ | ૧૨.૦૦ | પાથરણા | ૧૦ | ૫૦.૦૦ |
| ગાદી - તકીયા - ચાદર | ૧ -૧-૧ | ૧૫.૦૦ | આસ્ક્રીમ બાઉલ | ૧૦ | ૫.૦૦ |
| ટેબલ ક્લોથ | ૧૦ | ૪૦.૦૦ | બાઉલ્સ નાની (ચટણી માટે) | ૧૦ | ૫.૦૦ |
| ખુરશી ગાર્ડન ચેર | ૧૦ | ૨૫.૦૦ | ચંદરવો બ્રાસ | ૧ | ૭૦.૦૦ |
| એકસ્ટ્રા વાટકી સ્ટલ | ૧૦ | ૬.૦૦ | ગેટ સાદો | ૧ | ૭૦૦.૦૦ |
| ફરસાણ ડીશ સ્ટીલ | ૧૦ | ૬.૦૦ | મંડપ બ્રાસ દીઠ | ૧ | ૫૦.૦૦ |
| ચમચી સ્ટીલ | ૧૦૦ | ૨૫.૦૦ | દીવાલ સાદી (રનીંગ ફુટ) | ૧ | ૫.૦૦ |
| જગ સ્ટીલ | ૧૦ | ૪૦.૦૦ | દીવાલ ઉપરનીચે પટ્ટી | ૧ | ૧૨.૦૦ |
| ડોલ સ્ટીલ | ૧૦ | ૬૫.૦૦ | ૧૨ નંગ ફુટ (ફ્રેમીંગ દિવાલ) | | |
| વાટકી - ડોયા સ્ટીલ | ૧૦ | ૨૦.૦૦ | કોફી મગ | ૧૦૦ | ૭૫.૦૦ |
| કમંડળ - સ્ટીલ પિતળ | ૧૦ | ૪૦.૦૦ | તપેલા (૩૦૦ માણસો માટે) | ૧ | ૩૦.૦૦ |
| ભાતીયા સ્ટીલ | ૧૦ | ૧૨.૦૦ | તપેલા (૫૦૦ માણસો માટે) | ૧ | ૪૦.૦૦ |
| ગ્સાલ - કાચના | ૧૦૦ | ૬૦.૦૦ | તપેલા (૭૦૦ માણસો માટે) | ૧ | ૫૦.૦૦ |
| ઓવર પ્લેટ - રાઈસ પ્લેટ | ૧ | ૧૦.૦૦ | તાંબા પતરા | ૧ | ૨૦.૦૦ |
| કેરી બાઉલ | ૧ | ૧૦.૦૦ | કથરોટ નાની | ૧ | ૧૫.૦૦ |
| વોસ બેસીંગ | ૧ | ૯૦.૦૦ | કથરોટ મોટી | ૧ | ૨૦.૦૦ |
| ચમચા સ્ટીલ | ૧૦ | ૧૨.૦૦ | તાવડી | ૧ | ૨૦.૦૦ |
| ચીપીયા સ્ટીલ | ૧૦ | ૧૨.૦૦ | ગેલ્વે પતરાં મીઠાઈ માટે | ૧ | ૧૫.૦૦ |
| ચોમુખા સ્ટીલ | ૧૦ | ૪૮.૦૦ | જાજમ | ૧ | ૪૦.૦૦ |
| બુફે ડીશ સ્ટીલ | ૧૦૦ | ૭૦.૦૦ | સર્વિસ ટ્રે સ્ટીલ | ૧ | ૧૫.૦૦ |
| બુફે વાટકી સ્ટીલ | ૧૦૦ | ૫૦.૦૦ | નળાં પિત્તળ | ૧ | ૪૦.૦૦ |
| પ્લાસ્ટીક મોલ્ડેડ ચેર | ૧૦ | ૫૦.૦૦ | નેપકીન | ૧૦૦ | ૭૫.૦૦ |
| બુફે કાઉન્ટર | ૧ | ૧૬૦.૦૦ | રોયલ ચેર સેટ | ૧ | ૨૫૦.૦૦ |
| ચોરી સાદી | ૧ | ૧૦૦.૦૦ | લગ્ન ચેર સંખેડા સેટ | ૧ | ૧૨૦.૦૦ |
| પ્લેટ ૦ઈંચ (કાચ) | ૧૦ | ૬.૦૦ | ગેસના બર્નર | ૧ | ૪૦.૦૦ |
| પ્લેટ ૯ ઈંચ (કાચ) | ૧૦ | ૮.૦૦ | એલ્યુમી. ખુરશી | ૧ | ૩.૦૦ |
| પ્લેટ ૧૦ ઈંચ (કાચ) | ૧૦ | ૧૨.૦૦ | રીસેપ્સન સ્ટેજ સ્કીન સાથે ૧૦ X ૭ ઈંચ | | ૭૦૦.૦૦ |
| કપ રકાબી | ૧૦ | ૬.૦૦ | કંતાન ક્લોરીંગ | ૧૦૦ ફુટના | ૪૦.૦૦ |
| મેલેમાઈન ડીશ,વાટકી, ચમચી | ૧૦ | ૩૦ | જમણવાર કાઉન્ટર માટે બ્રાસનો સેટ | | ૧૦૦૦ |
| ફ્લોરીગ ગ્રીન નેટ | ૧૦૦ ફુટ | ૭૦ | | | |

# <u>લાઈટ માટે નું ભાવપત્રક</u>

| અનું | વિગત | નંગ દિવસ | દર(રૂા.) |
|---|---|---|---|
| ૧. | ફોકસ લાઈટ ર૦૦ વોલ્ટ | ૧ | ૬.૦૦ |
| ર. | ટયુબ લાઈટ ૪૦ વોલ્ટ | ૧ | ૭.૦૦ |
| ૩. | ફોકસ લાઈટ ૩૦૦ વોલ્ટ | ૧ | ૧૦.૦૦ |
| ૪. | ફોકસ લાઈટ ૫૦૦ વોલ્ટ | ૧ | ૧૫.૦૦ |
| ૫. | હેલોઝન ૨૫૦ વોલ્ટ | ૧ | ૫૦.૦૦ |
| ૬. | સીરીઝ લાઈટ | ૧૦૦૦ | ૩૦૦ |
| ૭. | મરક્યુરી લેમ્પ ૧૨૫ વોલ્ટ | ૧ | ૧૫.૦૦ |
| ૮. | સર્ચ લાઈટ ૫૦૦ વોલ્ટ | ૧ | ૧૮.૦૦ |
| ૯ | સર્ચ લાઈટ ૧૦૦૦ વોલ્ટ | ૧ | ર૦.૦૦ |
| ૧૦ | રીફલેક્ટર લાઈટ (૪૦-૬૦ લેમ્પ) | ૧ | ૩.૦૦ |
| ૧૧ | છૂટા લેમ્પ ૫૦૦ વોલ્ટ | ૧ | ૧ર.૦૦ |
| ૧૨ | છૂટા લેમ્પ ૩૦૦ વોલ્ટ | ૧ | ૮.૦૦ |
| ૧૩ | છૂટા લેમ્પ ર૦૦ વોલ્ટ | ૧ | ૫.૦૦ |
| ૧૪ | હેલોઝન વાઇટ ૨૫૦ વોલ્ટ | ૧ | ૧૦૦.૦૦ |

# લાઉડ  સ્પીકર માટેનુ ભાવ પત્રક

| અનું | વિગત | નંગ દિવસ | દર(રૂા.) |
|---|---|---|---|
| ૧ | ટેપ રેકોર્ડીંગ સેટ | ૧ | ૮૦.૦૦ |
| ર | એકસ્ટ્રા હોર્ન ( યુનીટ સાથે) | ૧ | ૩૦.૦૦ |
| ૩ | માઈક સેટ | ૧ | ૬૦.૦૦ |
| ૪ | એકસ્ટ્રા માઈક | ૧ | ૧૫.૦૦ |

# પંખા માટેનુ ભાવ પત્રક

| | | | |
|---|---|---|---|
| ૧ | મેર લેક્ષ ફેન ૨૪ ઈંચ | ૧ | ૫૦.૦૦ |
| ર | સ્ટેન્ડ ફેન ૧૬ ઈંચ | ૧ | ૨૫.૦૦ |
| ૩ | સીલીંગ ફેન ૩૬ ઈંચ | ૧ | ૨૫.૦૦ |

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

એસ્ટેટ ખાતુ, પબ્લીક હોલ વિભાગ

**<u>મ્યુનિસિપલ કોમ્યુનીટી હોલ માં બુકીંગ સિવાય ખાનગી ધોરણે ચલાવવા આપવાના છે તેની માહિતી તથા તે જગ્યા માટે ટેન્ડર ભરવાનું છે. તે ટેન્ડર ફોર્મ સાથે ભરવાની થતી અર્નેસ્ટમની રકમની માહિતી દર્શાવતું પત્રક</u>**

| અનું. નં. | કોમ્યુનીટી હોલ નું નામનું સરનામું | ટેન્ડર ફોર્મ સાથે ભરવાની અર્નેસ્ટમનીની રકમ |
|---|---|---|
| ૧ | સ્વ.ઓચ્છવલાલ તલાટી કોમ્યુનિટી હોલ-ભુતની આંબલી,રાયપુર. | ૨૫,૦૦૦/- |
| ૨ | સ્વ.વસંત રજ્જબ કોમ્યુનિટી હોલ-જમાલપુર, પગથીયા | ૨૫,૦૦૦/- |
| ૩ | સ્વ.ઈન્દુલાલ યાજ્ઞિક કોમ્યુનિટી હોલ-ભીડભંજન હનુમાન,બાપુનગર | ૬૦,૦૦૦/- |

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

એસ્ટેટ ખાતુ, પબ્લીક હોલ વિભાગ

**મ્યુનિસિપલ કોમ્યુનીટી હોલ માં બુકીંગ સિવાય ખાનગી ધોરણે ચલાવવા આપવાના છે તેનું ભાડું તથા ડીપોઝીટ અંગેનું પત્રક**

| અનું. નં. | કોમ્યુનીટી હોલ / પીકનીક હાઉસ / પાર્ટી પ્લોટ નામ | વપરાશ ફીની રકમ રૂા. | ડીપોઝીટ રકમ રૂા. | રીમાકર્સ |
|---|---|---|---|---|
| ૧ | સ્વ.ઓચ્છવલાલ તલાટી કોમ્યુનિટી હોલ-ભુતની આંબલી,રાયપુર. | ૨૫૦૦/- | ૨૫૦૦/- | |
| ૨ | સ્વ.વસંત રજ્જબ કોમ્યુનિટી હોલ-જમાલપુર, પગથીયા | ૨૦૦૦/- | ૨૦૦૦/- | |
| ૩ | સ્વ.ઈન્દુલાલ યાજ્ઞિક કોમ્યુનિટી હોલ-ભીડભંજન હનુમાન,બાપુનગર | ૨૫૦૦/- | ૨૫૦૦/- | |

નોંધ :- કોઈ પણ મ્યુનિસિપલ કોમ્યુનીટી હોલ કોર્મશીયલ હેતુ સિવાયના ગરબાના પ્રોગામ માટે રૂા. ૪,૦૦૦/- ભાડું તથા તેટલી જ ડીપોઝીટ લઈ ફાળવવામાં આવશે.

# <u>મુસદ્દો</u>

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન

## <u>ટેન્ડર નોટીસ</u>

**<u>મ્યુનિ.કોમ્યુ. હોલ, માટે  ડેકોરેશન સાધનો પુરા પાડવા સહિત બુકીંગ સિવાય ખાનગી ધોરણે ચલાવવા માટે મંડપ ડેકોરેશન કોન્ટ્રાકટ આપવા માટે ની ટેન્ડર નોટીસ.</u>**

મ્યુનિ.માલીકીના કોમ્યુ.હોલ માટે ડેકોરેશનનો માલ સામાન પુરો પાડવા સહિત બુકીંગ સિવાય ખાનગી ધોરણે ચલાવવા પાંચ વર્ષ માટે કોન્ટ્રાકટ આપવા સીલબંધ કવરમાં ઓફરો મંગાવવામાં આવે છે. જેની માહિતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની વેબ સાઈટ www.egovamc.com ઉપર મૂકવામાં આવેલ છે. જગ્યાઓ માટે ઈચ્છુક વ્યક્તિઓ / સંસ્થાઓએ ટેન્ડર વેબસાઈટ ઉપર ડાઉનલોડ કરી ભરવાના રહેશે. તથા ભરેલા ટેન્ડરો તા. ૦૫/ ૦૪/ ૨૦૧૦ સુધી બપોરે ૨.૦૦ વાગ્યા સુધીમાં મ્યુનિ.કોર્પોરેશનમાં  સેન્ટ્રલ રેકર્ડ ઓફીસે ટેન્ડર બોક્ષમાં  નાખવાનું રહેશે. તેમજ તે દિવસે ૩.૦૦ વાગ્યે ટેન્ડર ખોલવામાં આવશે.

**<u>સીલબંધ કવર ઉપર જે જગ્યાનું ટેન્ડર હોય તે જગ્યાનું નામ અવશ્ય લખવું ટેન્ડર સ્વીકાર કે અસ્વીકારની સત્તા મ્યુનિ.કમિશ્નરશ્રીની રહેશે.</u>**

એસ્ટેટ ખાતા દ્વારા પ્રકાશિત